# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-04-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) છેલ્લાં બે દાયકામાં રાજ્યના 15 લાખ 76 હજાર ખેડૂતોએ 24 લાખ 34 હજાર હેક્ટાર વિસ્તારેમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી
2) વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે બે દિવસીય મુલાકાત દરમિયાન નર્મદા જિલ્લામાં 11 કરોડથી વધુનાં વિકાસકામોનાં ખાતમૂર્હુત અને લોકાર્પણ કર્યાં.
3) ખ્યાતિ હોસ્પિટલ કેસમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે અમદાવાદ ગ્રામ્ય અદાલતમાં આરોપનામું દાખલ કરાયું
4) કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આવતીકાલે રાજ્યમાં મોડાસા ખાતેથી સંગઠન સર્જન અભિયાનનો પ્રારંભ કરાવશે.
5) આગામી 3 દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી વધવાની હવામાન વિભાગની આગાહી – દેશમાં આ વર્ષે નૈઋત્યનું ચોમાસુ સામાન્યથી વધુ રહેવાની સંભાવના.

-------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MICRO IRRIGATION EVENING

છેલ્લાં બે દાયકામાં રાજ્યના 15 લાખ 76 હજારથી વધુ ખેડૂતોએ 24 લાખ 34 હજાર હેક્ટજર વિસ્તાOરમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫માં આશરે ૧.૨૦ લાખ હેક્ટ ર વિસ્તોરને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તાવરની દૃષ્ટિ.એ ૪.૭૭ લાખ હેક્ટેર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાલને૧.૮૧ લાખ હેક્ટ ર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય સ્થાલને તેમજ ૧.3૨ લાખ હેક્ટ ર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાથને છે.

**સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિને વેગ આપવામાં મધ્યમ વર્ગના ખેડૂતોનો ફાળો મહત્તમ રહ્યો છે. રાજ્યના ૮ લાખ ૬૧ હજાર ૮33 મધ્યમ વર્ગના ખેડૂતોએ ૧૫.૯૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે.**

ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કુલ ૬૦૫.૪૨ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે , જેમાં રાજ્ય સરકારનો ફાળો ૩૨૯.૪૨ કરોડ રૂપિયા અને ભારત સરકારનો ફાળો ૨૭૬ કરોડ રૂપિયાનો છે.

. . . . . . . . . . . . .

# S Jaishankar Evening

2014માં મોદી સરકાર આવ્યા પછી પાકિસ્તાનને ભારત વિરુધ્ધ કડક વલણ અપનાવ્યું છે અને નક્કર સંદેશો આપ્યો છે. તેમણે જણાવ્યું કે, ભારત માટે આઇટી એટલે ઇન્ફર્મેશ ટેકનોલોજી, પણ પાકિસ્તાન માટે આઇટીનો અર્થ છે ઇન્ટરનેશનલ ટેરરિઝમ.

શ્રી જયશંકરે આણંદ પાસે ચાંગા ખાતે ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી- CHARUSAT ખાતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું કે , પાકિસ્તાન માટે ત્રાસવાદ બ્રાન્ડિંગ છે, જ્યારે ભારત માટે ટેકનોલોજી બ્રાન્ડિંગ છે.

રાજ્યની બે દિવસની મુલાકાતે આવેલા વિદેશ મંત્રી ડો. જયશંકરે નર્મદા જિલ્લાની બે દિવસની મુલાકાત દરમિયાન જિલ્લાના નાગરિકોને 11 કરોડ 66 લાખ રૂપિયાનાં વિકાસ કામોની ભેટ આપી.

શ્રી જયશંકરે આજે બીજા દિવસે રાજપીપળામાં અઢી કરોડ રૂપિયાનાં ખર્ચે નવીનીકરણ કરાયેલા જિમ્નેશિયમ હોલ અને વ્યાયામના અદ્યતન સાધનોનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ રાજપીપળાની પોસ્ટ ઓફિસની અને તેમાં કાર્યરત પાસપોર્ટ સેવા કેન્દ્ર તથા આધાર સેવાકેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે દત્તક લીધેલા નાંદોદ તાલુકાના લાછરસ ગામે પ્રાથમિક શાળા ખાતે સ્માર્ટ ક્લાસરૂમની મુલાકાત લીધી હતી અને ગામમાં MPLADS ની ગ્રાન્ટમાંથી રૂપિયા ૧૬ લાખના ખર્ચે નિર્માણ પામેલી સ્માર્ટ આંગણવાડીનું પણ લોકાર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# KHYATI HOSPITAL CHARGE SHEET

ખ્યાતિ હોસ્પિટલ કેસમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે આજે અમદાવાદ ગ્રામ્ય અદાલતમાં ક્રાઇમ બ્રાંચ દ્વારા આરોપનામું દાખલ કરવામાં આવ્યું. કાર્તિક પટેલ વિરુધ્ધ તપાસ ચાલુ હતી, જેની પુરવણી ચાર્જશીટ ફાઇલ કરવામાં આવી છે. કુલ 6 હજાર 70 પાનાનું આરોપનામું દાખલ કરવામાં આવ્યું છે.

ચાર્જશીટમાં દર્શાવ્યા પ્રમાણે 130 વ્યક્તિઓની પૂછપરછ કરી નિવેદનો લેવામાં આવ્યા છે. સાત સાક્ષીઓના મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન લેવામાં આવ્યા છે. જ્યારે એક સાક્ષીનું નિવેદન લેવાની પ્રક્રિયા ચાલુ છે. તપાસ દરમ્યાન કુલ 20 ઇલેક્ટ્રોનિક્સ પુરાવા કબ્જે કરવામાં આવ્યા છે અને 38 ફાઈલો કબ્જે કરવામાં આવી છે.

આ કેસમાં કુલ નવ આરોપીઓની ધરપકડ કરાઇ છે , જેમાંથી આઠ આરોપીઓની વિરુધ્ધ 7 ફેબ્રુઆરી, 2025 ના રોજ ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# RAHUL GANDHI

કોંગ્રેસના સાંસદ અને વરિષ્ઠ નેતા. રાહુલ ગાંધી આવતીકાલે અરવલ્લી જિલ્લાના મોડાસામાં પક્ષના સંગઠન સર્જન અભિયાનનો પ્રારંભ કરશે.

રાજ્યમાં કોંગ્રેસનાં સંગઠનને મજબૂત કરવા માટે શ્રી ગાંધી આજથી અમદાવાદની બે દિવસની મુલાકાતે આવ્યા છે. તેમણે આજે 40 જેટલાં જિલ્લા નિરીક્ષકો સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત દરેક જિલ્લામાં કોંગ્રેસનું વ્યવસ્થિત કાર્યાલય બનાવવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

આજની બેઠક અંગે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે , જિલ્લામાં સૌથી સશક્ત વ્યક્તિને કોંગ્રેસ જિલ્લા પ્રમુખ બનાવશે અને એક કરતા વધારે સશક્ત હોય એમને પ્રદેશ માળખામાં સ્થાન અપાશે . ૪૫ દિવસમાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરવામા આવશે.

(બાઈટ – શક્તિસિંહ ગોહિલ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GANDHINAGR CIVIL

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી ચાલતી કેસ પેપરની 5 રૂપિયા ફી  ની પ્રથા હવે બંધ કરવામાં આવી છે. આ નિર્ણયથી ગરીબ દર્દીઓને મોટી રાહત મળી છે.. અગ્ર સચિવની સૂચના બાદ દોઢ વર્ષે લેવાયેલા આ નિર્ણયને લોકોએ આવકાર્યો છે. .  આરોગ્ય અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ ગત વર્ષે 16 ડિસેમ્બર 2023ના રોજ સિવિલની મુલાકાત દરમિયાન હોસ્પિટલ સત્તાધિશોને દર્દીઓ પાસેથી કેસ ફીમાંથી થતી આવકના આંકડા માગ્યા હતા.

સિવિલમાં દરરોજ 2500થી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે. તેમાંથી 1500થી 1700 દર્દીઓ નવા કેસ કઢાવતા હતા. આ ફીથી હોસ્પિટલને દૈનિક 8000થી 8500 રૂપિયાની આવક થતી હતી. વાર્ષિક આવક આશરે 30 લાખ રૂપિયા થતી હતી.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી 3 દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી વધારા સાથે હીટવેવની આગાહી કરી છે.સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારો અને દક્ષિણ ગુજરાતમાં વાતાવરણ ગરમ અને ભેજવાળું રહેશે.

આજે કંડલા, બનાસકાંઠા, સાબરકાંઠા, દીવ, રાજકોટ કચ્છમાં યલો એલર્ટ સાથે હિટવેવની આગાહી કરવામાં આવી છે. જ્યારે આવતીકાલે કચ્છ , બનાસકાંઠા, સાબરકાંઠા, રાજકોટમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં અને ગાંધીનગરમાં તાપમાનનો પારો 42 ડિગ્રી આસપાસ રહેશે.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધી અંકિત ચૌહાણ જણાવે છે કે , ભિલોડામાં કમોસમી વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.વાતાવરણમાં અચાનક આવેલા આવેલા પલટા બાદ વરસાદથી લોકોને ગરમીથી રાહત મળી હતી.

આજે કંડલા 43.6 ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું. જયારે અમદાવાદનું મહત્તમ તાપમાન 42.9 ડિગ્રી નોંધાયું.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગ ડાયરેકટર એ. કે. દાસ

(BYTE -- DR. A K DAS)

. . . . . . . . . . . . .

# MONSOON INDIA

હવામાન વિભાગે જણાવ્યું છે કે, આ વર્ષે જૂન મહિનાથી સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ-પશ્ચિમ એટલે કે નૈઋત્યનું ચોમાસુ સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રાએ આજે નવી દિલ્હીમાં જણાવ્યું કે, પૂર્વોત્તર, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ દ્વિપકલ્પ ભારતનાં કેટલાંક ભાગોને બાદ કરતા દેશભરમાં સામાન્યથી વધુ વરસાદ પડશે. તેમણે જણાવ્યું કે , ચોમાસાની મોસમમાં અલ નિનોની સ્થિતિ તટસ્થ રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . . . .

# DOG SMASHAN

ગુજરાતમાં પાળતું શ્વાન માટેનું સૌ પ્રથમ સ્મશાન અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં આવેલા કરુણા મંદિર ખાતે બનશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 30 લાખ રૂપિયાનાં ખર્ચે શ્વાન માટેનું વિશેષ CNG સ્મશાન બનાવવામાં આવશે.

આ સ્મશાનમાં સીએનજી ભઠ્ઠી હોવાના કારણે એક સાથે બે શ્વાનની અંતિમક્રિયા થઈ શકશે. શહેરમાં અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ પાળતુ શ્વાનની નોંધણી થઈ ચૂકી છે.

આ અંગે અમદાવાદ મહાનગર પાલિકાના ઢોર ત્રાસ અંકુશ વિભાગના નિયામક નરેશ રાજપુતે વધુ માહિતી આપીઃ

(BYTE NARESH RAJPUT, CNCD AMC)

. . . . . . . . . . . . .

# AACHARYA DEVRAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે , યોગ્ય પદ્ધતિ અને સંપૂર્ણ પ્રમાણિકતાથી પ્રાકૃતિક કૃષિ થાય તો ખૂબ સારું પરિણામ મળી શકે. આ માટે યોગ્ય તાલીમ અત્યંત જરૂરી છે.

રાજભવનમાં આજે રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઇ હતી. પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક ક્લસ્ટર લેખે 4 ,854 ક્લસ્ટર્સની રચના કરાઈ છે, જેમાં ત્રણ ગામ દીઠ બે વ્યક્તિઓ તાલીમ આપશે.

ગુજરાતના તમામ શહેરો અને તાલુકા મથકોમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો શરૂ કરવા અને આ વેચાણ કેન્દ્ર પર પ્રમાણિત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો જ વેચાય તેની ચોકસાઈ રાખવા આ બેઠકમાં વિચાર-વિમર્શ કરાયો હતો.

. . . . . . . . . . . . .